# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, રાજ્ય સરકારશ્રીએ ધો.10 (એસ.એસ.સી.) વર્ષ-2021ના નિયમિત ઉમેદવારોની પરીક્ષા રદ કરીને શિક્ષણ વિભાગના તા:-03/06/2021ના ઠરાવક્રમાંક:-મશબ/1221/575/છ થી નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવાની નીતિ જાહેર કરેલ હતી. ઉક્ત નીતિ અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત માધ્યમિક શાળાઓ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓના વિષય મુજબ મેળવેલ ગુણને બોર્ડની વેબસાઇટ પર અપલોડ કરેલ હતા. જેના આધારે બોર્ડ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવામાં આવેલ છે. નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર તા:-29/06/2021ના રોજ રાત્રિના 08:00 કલાકે જાહેર કરવામાં આવશે. નોંધાયેલ માધ્યમિક શાળાઓ તેઓની શાળાનું પરિણામ શાળાના ઇન્ડેક્ષ નંબર પરથી લોગીન કરી ડાઉનલોડ કરી શકશે તથા જોઇ શકશે. શાળાએ વિદ્યાર્થીઓને ગુણપત્રકની નકલ આપવાની રહેશે અને તેના પરિણામની જાણ કરવાની રહેશે.

નોંધ:- સંસ્કૃત પ્રથમાનું પરિણામ તા:-01/07/2021ના રોજ જાહેર કરવામાં આવશે.

(બી.એ.ચૌધરી)
પરીક્ષા સચિવ (માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તા:-29/06/2021
સ્થળ:-ગાંધીનગર